પરિશિષ્ટ–૧ (૨)

# બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

(રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત)

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,

રાજકોટ–૩૬૦૦૦૫

## ભારતીય બંધારણમાં માનવ અધિકારો અને ફરજો

## Human Rights and Duties in The Constitution of India (HRDCI)

# પ્રમાણપત્રીય અભ્યાસક્રમની માર્ગદર્શિકા

નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય ગાંધીનગર, પત્ર નં. અજાક/૧/૧/૨૦૧૭–૧૮/૨૨૫૯–૬૩
બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા

તા. ૨૬/૦૭/૨૦૧૯, તા.૦૭/૦૪/૨૦૨૨ , તા. ૨૮/૦૪/૨૦૨૩ અને તા. ૦૪/૦૪/૨૦૨૪ની બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટરની સલાહકાર સમિતિમાં મંજૂર થયેલ માર્ગદર્શિકા.

**વર્ષ : ૨૦૨૪–૨૫**

# અનુક્રમણિકા

---


૦૧. પ્રસ્તાવના

૦૨. કોર્સનું નામ

૦૩. ઉદ્દેશ્ય

૦૪. કોર્સનો સમયગાળો અને કાર્યદિવસ

૦૫. પ્રવેશ સંખ્યા / પાત્રતા/ પ્રવેશ પ્રક્રિયા / ફીનું ધોરણ

૦૬. અભ્યાસક્રમ, હાજરી, પરીક્ષા, મૂલ્યાંકન, સફળતાનું ધોરણ, પરીણામ અને સંદર્ભગ્રંથ

૦૭. શૈક્ષણિક સ્ટાફ અને લાયકાત

૦૮. અન્ય શાળા કોલેજોમાં પ્રમાણપત્રીય અભ્યાસક્રમાના સેન્ટર સ્થાપવા

૦૯. સામાન્ય નિયમો

# ભારતીય બંધારણમાં માનવ અધિકારો અને ફરજો
# Human Rights and Duties in The Constitution of India
# (HRDCI)

## (૦૧) પ્રસ્તાવના :

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે રાજ્યની પાંચ યુનિવર્સિટીઓમાં વર્ષ ૨૦૧૬માં શૈક્ષણિક સ્ટાફની મંજૂરી સાથે સેન્ટરો મંજૂર કરવામાં આવ્યાં. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ચેર–સેન્ટરની સ્થાપના બાબાસાહેબડ ડૉ.બી. આર. આંબેડકરજીના મહાપરિનિર્વાણદિવસ નિમિત્તે તા.૬/૧૨/૨૦૧૬ના કરવામાં આવી આ ચેર–સેન્ટરની સ્થાપના કરવા પાછળ સરકારશ્રીનું ઉદ્દેશ્ય એ છે કે, સમાજમાં ડૉ. આંબેડકરજીના ચિંતન અને વિચારોનો ફેલાવો થાય તથા સમાજમાં સમાજિક સમન્વય જળવાય રહે અને દેશમાં રાષ્ટ્રિય એકતા કાયમ કરવામાં આ ચેર–સેન્ટર યોગદાન આપે. આ ચેર–સેન્ટરની કામગીરી માટે રાજ્ય સરકારશ્રી વાર્ષિક ધોરણે ગ્રાન્ટ ફાળવે છે તથા આ ચેર–સેન્ટરના સંચાલન અને કામગીરી માટે ચોક્કસ માર્ગદર્શિકા આપવામાં આવી છે.

આ ચેર–સેન્ટરની માર્ગદર્શિકાના વિભાગ–Bમા ૧૨ મુદ્દાઓ આપવામાં આવ્યા છે. જેમાં ચેરમાં કરવાની કામગીરી દર્શાવવામાં આવી છે. તેમના પ્રથમ મુદ્દામાં **Research Work (Long/short term)** અંતર્ગત ડૉ. આંબેડકરજીના જીવન, ચિંતન અને કાર્યોને જનમાનસ સુધી પહોંચાડવા માટે ચેર–સેન્ટર દ્વારા પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

માનવ અધિકાર એ માનવને મળતો જન્મ સિદ્ધ અધિકાર છે જેવા કે, જીવન, સ્વતંત્રતા, સમાનતા અને ગરિમા જન્મની સાથે જ મળતા આ અધિકારોના રક્ષણની જવાબદારી રાષ્ટ્રની છે. રાષ્ટ્ર દ્વારા કોઈપણ જાતના જ્ઞાતિ, જાતિ, લિંગ, સમ્પ્રદાય અને ધર્મના આધારે ભેદભાવ કરી શકાતો નથી. આથી પોતાના નાગરિકોની રક્ષા, ઉત્તમ જીવન વ્યવસ્થા, લોકકલ્યાણ અને શાંતિ સ્થાપવાની જવાબદારી પણ રાષ્ટ્રની જ છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા ૧૦ ડિસેમ્બરને માનવ અધિકાર દિવસ તરીકે જાહેર કર્યો છે. ૧૯૪૮માં આ દિવસની ઘોષણા કરવામાં આવી હતી. તેની પાછળનો હેતુ સમગ્ર વિશ્વનું કલ્યાણ થાય અને વિશ્વમાં શાંતિ જળવાઈ રહે તેવો છે. વિશ્વભરમાં અશાંતિ, નરસંહાર, રંગભેદ, લિંગભેદ, જાતિભેદ, સ્ત્રીઓ અને બાળકો પરના અત્યાચારો, ગુલામી, ઘાતકી કે અમાનુષિ કે હલાકા પ્રકારનું કોઈ વ્યક્તિ સાથે વર્તન, અસમાનતા ગેરકાયદેસરની અટકાયત, સ્વતંત્ર રીતે હરવા ફરવા પર પ્રતિબંધ વગેરે કારણોને લીધે વિશ્વના રાષ્ટ્રોના બુદ્ધિજીવી લોકો દ્વારા આ માનવ અધિકાર દિવસની ઘોષણા કરી જેથી કોઈપણ પ્રકારના ભેદભાવ કે અસમાનતા દૂર થાય અને વિશ્વમાં શાંતિ સ્થપાય.

ભારતમાં માનવ અધિકારોના રક્ષણ માટે ભારતીય બંધારણના મૂળભૂત અધિકારો દ્વારા અનુચ્છેદ ૧૨ થી ૩૫ માં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. જેમ કે, સમાનતાનો અધિકાર (અનુચ્છેદ–૧૪ થી ૧૮) સ્વંતત્રતાનો અધિકાર (અનુચ્છેદ ૧૯ થી ૨૨) શોષણ વિરુદ્ધનો અધિકાર (અનુચ્છેદ ૨૩ અને ૨૪) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ ૨૫ થી ૨૮) સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકાર (અનુચ્છેદ ૨૯ અને ૩૦) બંધારણીય ઉપચારોનો અધિકાર (અનુચ્છેદ–૩૨) ભારતીય બંધારણનાં મૂળભૂત અધિકારો જે માનવ અધિકારોના સ્વરૂપે જોવા મળે છે. રાષ્ટ્રિય માનવ અધિકાર આયોગ, રાષ્ટ્રિય મહિલા આયોગ, રાષ્ટ્રિય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ આયોગ, રાષ્ટ્રિય લઘુમતિ આયોગ, રાષ્ટ્રિય પછાત વર્ગ આયોગ, રાષ્ટ્રિય સફાઈ કર્મચારી આયોગ, બાળ આયોગ અને ખાસ અદાલતો તથા વિવિધ રાજ્ય આયોગોમાં માનવ અધિકારોના ભંગ બદલ ફરીયાદ નોંધાવી શકાય છે. આપણા બંધારણમાં આ અધિકારની સાથે–સાથે નાગરિકે બજાવવાની પોતાની ફરજોનો પણ ઉલ્લેખ કર્યો છે. પ્રથમ નાગરિકે ફરજો અદા કરવી એટલે એમના અધિકારોનું આપો આપ જતન થશે અને રાષ્ટ્રનો વિકાસ થશે. અધિકાર અને ફરજ એ એક સિક્કાની બે બાજુ છે.

(૦૨) **કોર્સનું નામ :** **ભારતીય બંધારણમાં માનવ અધિકારો અને ફરજો**

**Human Rights and Duties in the Constitution of India (HRDCI)**

(૦૩) **ઉદ્દેશ્ય :**

- સમાજમાં બંધારણીય માનવ અધિકાર અને ફરજો અંગે જાગૃતિ લાવવી.
- સમાજના વંચિત જનસમૂહને સક્ષમ બનાવવા, વિશેષ કરીને મહિલાઓને માનવ અધિકારો અને ફરજો અંગે જાગૃતિ લાવવી.
- યુવા પેઢીમાં ડૉ.આંબેડકર વિચારોનું સિંચન કરવું, ચરિત્ર ઘડતર કરવું, રાષ્ટ્ર નિર્માણના મૂલ્યોને ચરિત્રાર્થ કરવા.

(૦૪) **કોર્સની સમયાવધિ અને કાર્યદિવસ :**

૪ :૧ **કોર્સની સમયાવધિ :** આ કોર્સમાં પ્રવેશ દર વર્ષે યુનિવર્સિટીના પ્રથમ સત્રથી આપવામાં આવશે તથા કોર્ષની સમયાવધિ યુનિવર્સિટીના પ્રથમ સત્ર પ્રમાણેની રહેશે અને કોર્સ ૩૦ વ્યાખ્યાનનો રહેશે.

- જો એક સત્રાંત પરીક્ષામાં સફળ ન થાય તો સંબંધિત પાઠયક્રમોની સત્રાંત પરીક્ષા વિદ્યાર્થી બે વર્ષના સમયગાળા દરમ્યાન પોતાની અનુકૂળતા મુજબ આપી શકશે.
- બે વર્ષના સમયગાળામાં અભ્યાસક્રમ પૂર્ણ ન કરી શકનાર વિદ્યાર્થીને પુનઃ નોંધણી કરાવવી પડશે.

૪ : ૨ **કાર્યદિવસ :** સપ્તાહમાં બે દિવસ

(૦૫) **પ્રવેશ સંખ્યા / પાત્રતા/ પ્રવેશ પ્રક્રિયા / ફીનું ધોરણ :**

૫ : ૧ **પ્રવેશ સંખ્યા :** અભ્યાસક્રમમાં એક પ્રમાણપત્રીય વર્ગમાં ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે તથા **૩૦ થી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સત્તા ચેર–સેન્ટરની રહેશે.**

૫ : ૨ **પ્રવેશ પાત્રતા :** આ અભ્યાસક્રમમાં ધોરણ –૧૨ પાસ

૫ : ૩ **પ્રવેશ પ્રક્રિયા :** કોર્સનો પ્રારંભ પ્રતિવર્ષ સત્રના પ્રારંભે કરવામાં આવશે. થશે. ધોરણ– ૧૨ના ટકાવારીના આધારે મેરીટ અનુસાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નિયમ અનુસાર પ્રવેશમાં અગ્રતા આપવામાં આવશે.

૫ : ૪ **ફીનું ધોરણ :** નિઃશૂલ્ક

(૦૬) **અભ્યાસક્રમ, હાજરી, પરીક્ષા, મૂલ્યાંકન, સફળતાનું ધોરણ અને પરીણામ :**

૬ : ૧ **અભ્યાસક્રમ : (૦૨ ક્રેડિટ અને ૫૦ ગુણના પ્રશ્નપત્રમાં નીચે પ્રમાણેના ચાર યુનિટનો ગુણભાર સમાન રહેશે.)**

(૧) ભારતીય સંવિધાનનો સામાન્ય પરિચય
- આમુખ
- મૂળભૂત અધિકાર (કલમ : ૧૨ થી ૩૫)
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાન્તો (કલમ : ૩૬ થી ૫૧)

(૨) માનવ અધિકાર, અર્થ, વ્યાખ્યા, વિકાસ અને પાયાના સિદ્ધાન્તો
- માનવ અધિકાર અર્થ અને પરિભાષાઓ.
- માનવ અધિકાર ઉદ્ભવ અને વિકાસ

– માનવ અધિકારના પાયાના સિદ્ધાન્તો

| | | | |
|---|---|---|---|
| (ક) | જિંદગી | – | Life |
| (ખ) | સ્વતંત્રતા | – | Liberty |
| (ગ) | સમાનતા | – | Equality |
| (ઘ) | બંધુતા | – | Fraternity |
| (ચ) | ગરિમા | – | Dignity |

(૩) માનવ અધિકાર સંરક્ષણની સંસ્થાઓ.

- રાષ્ટ્રિય અને રાજ્ય માનવ અધિકાર આયોગ.
- રાષ્ટ્રિય અને રાજ્ય મહિલા આયોગ.
- રાષ્ટ્રિય અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિ આયોગ.
- રાષ્ટ્રિય સફાઈ કામદાર કર્મચારી આયોગ.
- રાષ્ટ્રિય બાળ આયોગ અને ખાસ અદાલતો

(૪) બંધારણીય માનવીય મૂળભૂત ફરજો (ભારતનું સંવિધાન : કલમ ૫૧ (ક)

૬ : ૨ **હાજરી :** આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં નોંધાયેલા વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી ૭૫% હાજરી ફરજિયાત છે.

૬ : ૩ **પરીક્ષા :** ૨૫ ગુણ આંતરિક મૂલ્યાંકન જેમાં ૧૦ ગુણ અસાઈમેન્ટ, ૧૦ ગુણ પ્રેઝેટેન્શન અને હાજરીના ૦૫ ગુણ ૨૫ ગુણ બાહ્ય મૂલ્યાંકન (થીયરી પરીક્ષા) જેનું પ્રશ્ન પત્રનું માળખું નીચે મુજબનું રહેશે.

- **પ્રશ્નપત્રનું માળખું**

| | | |
|---|---|---|
| પ્ર–૧ | બહુવૈલ્કપીક પ્રશ્નોના જવાબ આપો. (દરેક પ્રશ્નના જવાબ ફરજીયાત રહેશે.) | ૧૦ |
| પ્ર–૨ | એક–એક વાકયમાં જવાબ આપો. (સાતમાંથી પાંચ) | ૦૫ |
| પ્ર–૩ | ટૂંકુ નોંધ લખો. (ચારમાંથી બે) | ૧૦ |
| | | **કુલ ૨૫ ગુણ** |

૬ : ૪ **મૂલ્યાંકન :**

- વિદ્યાર્થીઓનું આંતરિક મૂલ્યાંકન જે–તે સેન્ટરના શિક્ષક દ્વારા કરવામાં આવશે.
- વિદ્યાર્થીઓનું બાહ્ય મૂલ્યાંકન (થીયરી પરીક્ષા) ચેર–સેન્ટર દ્વારા લેવામાં આવશે.
- વિદ્યાર્થી છ માસના સમયગાળાના અંતે સત્રાંત પરીક્ષા આપી શકશે.
- ઉત્તરવહીઓનું મૂલ્યાંકન ચેર–સેન્ટરના અધ્યાપકો દ્વારા કરવામાં આવશે.
- ૦૫ ગુણ હાજરીનું મૂલ્યાંકન (૭૫% થી ૮૦% સુધી ૦૧ ગુણ, ૮૦%–૮૫% – ૦૨ ગુણ, ૮૬% થી ૯૦% –૦૩ ગુણ, ૯૧% થી ૯૫%–૦૪ ગુણ અને ૯૬% થી ૧૦૦%–૦૫ ગુણ રહેશે.)

૬ : ૫ **સફળતાનું ધોરણ :**

- અભ્યાસક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષામાં પાઠ્યક્રમમાં ૫૦ ગુણમાંથી ઓછામાં ઓછા ૧૮ ગુણ મેળવવાના રહેશે.(જેમાં આંતરિક મૂલ્યાંકનમાં ૨૫ માંથી ૦૯ ગુણ તેમજ બાહ્ય મૂલ્યાંકનમાં ૨૫માંથી ૦૯ ગુણ એમ કુલ સરેરાશ ૧૮ ગુણ મેળવવાના રહેશે.)

૬ : ૬ **પરીણામ :** સફળ થયેલા વિદ્યાર્થીઓને ચેર–સેન્ટર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

**(૦૭) શૈક્ષણિક સ્ટાફ અને લાયકાત :**

આ ચેર–સેન્ટરના શૈક્ષણિક સ્ટાફ દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે ઉપરાંત ડૉ. આંબેડકરજીના જીવન અને ચિંતન અંગે જ્ઞાન ધરાવતા કોઈપણ ફેકલ્ટીના યુ.જી.સી. અને યુનિવર્સિટી માન્ય મદદનીશ પ્રાધ્યાપકની લાયકાત ધરાવતા અથવા નિવૃત્ત અધ્યાપકને ચેર–સેન્ટર પ્રમાણપત્રીય અભ્યાસક્રમ માટે અધ્યાપક તરીકેની માન્યતા આપશે.

**(૦૮) અન્ય શાળા કોલેજોમાં પ્રમાણપત્રીય અભ્યાસક્રમાના સેન્ટર સ્થાપવા :**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારની શાળા–કોલેજોમાં ચેર–સેન્ટરના આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમો શરૂ કરી શકાશે. આ માટે શાળા–કોલેજમાં માળખાકીય સુવિધા હોવી જરૂરી છે. જેવી કે, લાઈટ, પંખા સાથેના હાવા ઉજાસવાળા બે કલાસ રૂમ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ માટે અલગ શૌચાલય હોવા જરૂરી છે. પીવાના પાણીની વ્યવસ્થા, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધા વગેરે આવશ્યક સુવિધાઓ હોવી જોઈએ.

**(૦૯) સામાન્ય નિયમો :**

૯ : ૧ પ્રમાણપત્રીય અભ્યાસક્રમની પ્રવેશ અંગેની જાહેરાત ચેર–સેન્ટરની વેબ–સાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. એક પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં ૩૦ કલાકનું અધ્યાપન કાર્ય કરાવામાં આવશે.

૯ : ૨ વર્ગખંડમાં ઓછામાં ઓછી ૭૫% હાજરી ધરાવનાર વિદ્યાર્થીઓને જ પરીક્ષા ફોર્મ ભરવા દેવામાં આવશે.

૯ : ૩ આ અભ્યાસક્રમમાં અધ્યાપન કરાવનાર અધ્યાપકને ૧ કલાકના તાસ દીઠ રાજકોટ શહેર સ્થાનીક અધ્યાપકોને રૂા.૩૦૦/– અને રાજકોટ બહારથી આવતા અધ્યાપકોને રૂ.૫૦૦/– પુરસ્કાર આપવામાં આવશે. રીક્ષા ભાડુ કે અન્ય T.A.D.A. આપવામાં આવશે નહી.

૯ : ૪ પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં મુલાકાતી અધ્યાપક તરીકે ઉપર દર્શાવેલ નિયમાનુસાર ચેર–સેન્ટરના ચેરમેનશ્રી અધ્યાપકોને વ્યાખ્યાન માટે બોલાવી શકશે.

૯ : ૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારની શાળા–કોલેજોએ આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવા માટે ચેર–સેન્ટરમાં દરખાસ્ત કરવાની રહેશે. ચેર–સેન્ટરમાં ઉપલબ્ધ ગ્રાન્ટ, શૈક્ષણિક સ્ટાફ વગેરે બાબતોને ધ્યાને લઈ ચેરમેનશ્રી પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવા માટેનું સેન્ટર મંજૂર કરશે.

૯ : ૬ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારની શાળા–કોલેજોમાં જ્યાં આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમ શરૂ કરવામાં આવશે તે શાળા કોલેજના આચાર્યશ્રી દ્વારા પોતાની કોલેજના અધ્યાપકશ્રીને સેન્ટર કો–ઓર્ડિનેટરની જવાબદારી સોંપવામાં આવશે આ સેન્ટર કો–ઓર્ડિનેટર અભ્યાસક્રમની વ્યવસ્થા સંભાળશે. આ સેન્ટર કો–ઓર્ડિનેટરને એક વર્ગ માટે રૂા.૩,૦૦૦/– માનદ્ પુરસ્કાર ચેર–સેન્ટરની ગ્રાન્ટમાંથી આપવામાં આવશે તથા અભ્યાસક્રમ પૂર્ણ થયે સેન્ટર કો–ઓર્ડિનેટર અને સંસ્થાને ચેર–સેન્ટર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવશે.

૯ : ૭ આ પ્રમાણપત્રીય અભ્યાસક્રમમાં મુલાકાતી અધ્યાપક તરીકે ખાસ કિસ્સામા ડૉ.આંબેડકરજી પર લેખન કરનાર લેખકો અથવા રાષ્ટ્રિય કે રાજ્ય કક્ષાએ ડૉ.આંબેડકરજી પર વકૃત્વસ્પર્ધા કે નિબંધસ્પર્ધામાં નંબર પ્રાપ્ત કરેલ વિદ્વાન વકતાઓને/ છાત્રોને ચેરમેનશ્રી વ્યાખ્યાન માટે આમંત્રિત કરી શકશે આ માટે ૯ઃ૩ મુજબ તેઓને વ્યાખ્યાન પુરસ્કાર આપવામાં આવશે.

**સંદર્ભ ગ્રંથ :**


(૧) **ભારતીય સંવિધાન (ચતુર્થ આવૃત્તિ–૨૦૧૧), પ્રકાશક :** ભારત સરકાર વિધિ અને ન્યાય મંત્રાલય, (૩૦મી એપ્રિલ, ૨૦૧૧ સુધી સુધાર્ય પ્રમાણે.

(૨) भारत का संविधान : डॉ. बी. आर. आंबेडकर, (अध्यक्ष : संविधान प्रारूप समिति) प्रथम सम्यक संस्करण–२०१८, प्रकाशक : सम्यक प्रकाशन– नई दिल्ली–११००६३

(૩) **બાબાસાહેબ ડૉ. આંબેડકર સંપૂર્ણ અક્ષર દેહ ગ્રંથ :** (લખાણો, પ્રવચનો, પત્રો વગેરેનો સંગ્રહ), જાન્યુઆરી–૧૯૯૪, સહયોગ : ગુજરાત સરકાર, પ્રકાશક : ડૉ.આંબેડકર પ્રતિષ્ઠાન, કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હી.

(૪) **ડૉ. આંબેડકર જીવન અને કાર્ય :** લેખક – પદ્મભૂષણ, ડૉ. ધનંજય કીર, અનુ. દેવેન્દ્ર કર્ણિક, મૂળજીભાઈ ખુમાણ, પ્રકાશક : મહેન્દ્ર પી.શાહ, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ–૩૮૦૦૦૧

(૫) **ભારતરત્ન ડૉ. ભીમરાવ આંબેડકર :** લેખક – ડૉ. નાથાલાલ ગોહિલ, પ્રકાશન : ગૂર્જર સાહિત્ય ભવન, ગાંધીમાર્ગ, અમદાવાદ–૩૮૦૦૦૧

(૬) **રાષ્ટ્રનિર્માણના શિલ્પી ડૉ. ભીમરાવ આંબેડકર,** લેખક – નાથુ સોસા, પ્રકાશક– જયેન્દ્ર પી.શાહ, નવસર્જન પબ્લિકેશન, આશ્રમરોડ, અમદાવાદ–૩૮૦૦૦૯

(૭) **યુગપુરુષ આંબેડકર,** રાજેન્દ્રમોહન ભટનાગર, અનુવાદ– છાયા ત્રિવેદી, પ્રકાશન– ગૂર્જર સાહિત્ય ભવન, ગાંધીધામ, અમદાવાદ–૩૮૦૦૦૧

(૮) ભારતનું સંવિધાન, દુર્ગાદાસ બાસુ, પ્રકાશન.

(૯) માનવ અધિકારોના કાયદો, ડૉ.કૌશિક રાવલ, એકતા પ્રકાશન,

(૧૦) માનવ અધિકાર–સંરક્ષણ અધિનિયમ, સરકાર પ્રેસ રોહિત લો હાઉસ, ૧૯૯૩

(૧૧) **સામાજિક ક્રાંતિના મહાનાયક ડૉ.બાબાસાહેબ આંબેકડકર,** લે.કિશોર મકવાણા, પ્રકા. સંવેદના પબ્લિકેશન, દ્વિતીય આવૃત્તિ–એપ્રિલ, ૨૦૧૭